ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી

# લાયન્સ સમાચાર

સ્થાપક:મુકેશભાઈ પટેલ ૯૪૨૬૩૦૨૬૮૪, ચીફ એડીટર:ડો. બીનાબેન પટેલ, ડિસ્ટ્રિક્ટ ગવર્નર ૩૨૩૨ B૩: હીરેન મેવાડા તરીખ:૧૬-૧૧-૨૦૨૫,રવિવાર

## લાયન્સ કલબ ઓફ અમદાવાદ સીટી



ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર




તા. ૧૧/૧૧/૨૦૨૫, મંગળવારના રોજ સવારે ૮ થી ૧૦ સાર્થક મોલ, સરગાસણ અને તા 12/11/25 ના રોજ સવારે 11 વાગે અમદાવાદ સીટી તરફથી ફ્રી ડાયાબિટીસ કેમ્પ, ગોતા ચોકડી અંબિકા દાળ વડા આગળ યોજાયો હતો. જેમાં પાસ્ટ પ્રેસિડેન્ટ શ્રી શિવ રતન ભાઈ ચીફ ગેસ્ટ તેમજ શ્રી દેવજીભાઈ (પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર,બીના પટેલ, ભગવાનભાઈ પટેલ (પાસ્ટ પ્રેસિડેન્ટ )તેમજ શૈલેષભાઈ પટેલ, મુકેશ પટેલ, તેમજ ગાંધીનગર મેટ્રો અને મેટ્રો સીટીના મેમ્બર્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

આપ સૌના સહકારથી આ કેમ્પ બહુ સફળ રહ્યો. સૌ મેમ્બર્સનું ખેસ ઓઢાડી સન્માન કરાયું. અંબિકા દાળવડા ના માલિક શ્રી પ્રકાશભાઈ નું સન્માન દેવજીભાઈ એ કર્યું.આપ સૌનો ખુબ આભાર. 227 જેટલાં લોકોએ આ કેમ્પનો લાભ લીધો. આગામી કેમ્પસ માં પણ આપનો સહકાર મળી રહેશે તેવી અપેક્ષા છે.

## લાયન્સ ક્લબ ઓફ સરસપુર

જય રણછોડ મિત્ર મંડળ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ ઓફ સરસપુર દ્વારા તા.૭.૧૧.૨૦૨૫ નારોજ આયોજિત ફ્રી મોતીયા કેમ્પમાં 18 દર્દી ભગવાનશ્રીઓને આજે ફ્રી મોતિયાના ઓપરેશન કરાવવાનો સેવા લાભ લઈ ધન્યતા અનુભવીએ છીએ


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

આજરોજ તારીખ 8 નવેમ્બર 2025 શનિવારના રોજ સવારે 10 વાગે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ ના બેનર હેઠળ ભગવતી વૃદ્ધાશ્રમ કે જે વૃદ્ધાશ્રમમાં ફક્ત અશક્ત બીમાર વૃદ્ધોને જ સમાવવામાં આવે છે. ત્યાં 40 ગરમ બ્લેન્કેટ ધાબડાનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આપણા ઝોન ચેરમેન લાયન પ્રજેશભાઈ શાહ ઉપસ્થિત હતા.

આ પ્રોજેક્ટના સ્પોન્સરર શ્રી વરૂણભાઈ ગંભીરના સ્વર્ગસ્થ માતૃશ્રી રજનીદેવી બળદેવસિંઘ ગંભીરના સ્મરણાર્થે તેઓએ કરેલ હતો. અને આ પ્રોજેક્ટમાં લાયન જતીનભાઈ શાહ તથા લાયન ભાવનાબેન શાહ પણ હાજરી આપી હતી.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

આજરોજ તારીખ 8 નવેમ્બર 2025 શનિવારના રોજ સવારે 11.30વાગે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ ના બેનર હેઠળ જીવન સંધ્યા વૃદ્ધાશ્રમ અંકુર રોડ ખાતે 150 બા બાપુજીને મીઠાઈ ફરસાણ સાથે બપોરનું ભોજન કરાવવામાં આવ્યું આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે આપણા ઝોન ચેરમેન લાયન પ્રજેશભાઈ શાહ ઉપસ્થિત હતા.આ પ્રોજેક્ટના પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ડિમ્પલબેન શાહ તરફથી ખૂબ સુંદર સાથ સહકાર મળ્યો અને ખૂબ સુંદર આયોજન બદલ તેઓનો ખૂબ ખૂબ આભાર આ પ્રોજેક્ટ સ્પોન્સરર શ્રી અતુલભાઈ શાહના માતૃશ્રી સ્વર્ગસ્થ હંસાબેન કાંતિભાઈ શાહના સ્મરણાર્થે તેઓએ કરેલ હતો. અને આ પ્રોજેક્ટમાં લાયન જતીનભાઈ શાહ તથા લાયન ભાવનાબેન શાહ પણ હાજરી આપી હતી.

## લાયન્સ ક્લબ ઓફ નરોડા



ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર



નરોડા જી.આઈ.ડી.સી. સ્કૂલ, જેની સ્થાપના 1977માં નરોડા ઔદ્યોગિક વિસ્તારમાં કાર્યરત મજૂરોના બાળકોને ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પૂરું પાડવાના ઉદ્દેશથી કરવામાં આવી હતી, આજે સમુદાય વિકાસનું પ્રતિક બની ગઈ છે. વર્ષોથી સ્કૂલ અનેક વિદ્યાર્થીઓના જીવનમાં ઉજ્જવળ ફેરફાર લાવવા સાથે ગુણવત્તા, શિસ્ત અને સર્વાંગી વિકાસનું કેન્દ્ર બની રહી છે. સ્કૂલના આ પ્રગતિપથને વધુ મજબૂત બનાવવા માટે એલ.સી.આઈ.એફ. ગ્રાન્ટ અત્યંત મહત્વપૂર્ણ સાબિત થઈ છે. લાયન્સ ઈન્ટરનેશનલનાં માર્ગદર્શન અને જિલ્લા ટીમનાં સતત પ્રયાસોથી સ્કૂલમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારા, ક્લાસરૂમનું આધુનિકીકરણ, સ્માર્ટ શિક્ષણ સાધનોની સ્થાપના, તેમજ નૈપુણ્ય અને યુવક વિકાસ કાર્યક્રમો સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રક્રિયાને સાકાર કરવામાં PDG લાયન નરેન્દ્ર પટેલે વર્ષો સુધી કરેલ પ્રયત્નો અને ગ્રાન્ટ મેળવવામાં નિભાવેલી વિશિષ્ટ ભૂમિકા અત્યંત સરાહનીય છે. સ્કૂલની શરૂઆતથી જ સતત જોડાણ રાખી વિકાસને દિશા આપનાર PDG લાયન મહેન્દ્ર શાહની દૃઢ દૃષ્ટિ અને સમર્પિત કાર્યશૈલી પણ નોંધપાત્ર છે.તાજેતરમાં લાયન્સ ઈન્ટરનેશનલ બોર્ડ અને તેમની ટીમે સ્કૂલની મુલાકાત લઈ LCIF ગ્રાન્ટ હેઠળ થયેલા વિકાસકાર્યોનો વિશદ અભ્યાસ કર્યો હતો. આ પ્રસંગે ક્લબના સભ્યો તથા જિલ્લા અધિકારીઓની ઉત્સાહપૂર્ણ હાજરી જોવા મળી. જિલ્લા ગવર્નર લાયન હિરેન મેવાડા અને 3rd વાઈસ જિલ્લા ગવર્નર લાયન ભરત શેઠે પોતાની ઉપસ્થિતિથી કાર્યક્રમને ગૌરવાન્વિત કર્યો હતો. મુલાકાત દરમિયાન લાયન ડૉ. રેનુકા શાહ, લાયન ડૉ. વાડેકર અને લાયન પૂનમ પટેલે આંતરરાષ્ટ્રીય ટીમને સમગ્ર વિકાસયાત્રાની વિગતવાર માહિતી આપી. આંતરરાષ્ટ્રીય ટીમે સ્કૂલમાં થયેલા પરિવર્તન, કાર્યની પારદર્શિતા, સમર્પણ અને સમુદાય પર પડેલા સકારાત્મક પ્રભાવની હૃદયપૂર્વક પ્રશંસા કરી.

## લાયન્સ ક્લબ ઓફ મોડાસા


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

આજરોજ મોડાસા લાયન્સ ક્લબના ઉપપ્રમુખ શ્રી અને ગણિતના શિક્ષક મનોજભાઈ ઉપાધ્યાય દ્વારા તેમના જન્મદિવસ નિમિત્તે સાયરા હાઈસ્કૂલના ધોરણ 10 ના વિદ્યાર્થીઓને ગણિતનું સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું,જેથી બાળકો બોર્ડમાં સારા માર્કસ મેળવી શકે. મોડાસા લાયન્સ ક્લબના પ્રમુખ શ્રી નિરવભાઈ અને લાયન્સ ટીમે મનોજભાઈ ને આ કાર્યક્રમ કરવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ કર્ણાવતી


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

તા.૯/૧૧/૨૦૨૫ નાંરોજ સેક્ટર-૨૪ મુકામે ૪ થાં નેત્રનિદાન કેમ્પ યોજવામાં આવ્યો હતો તેમાં 201 વ્યક્તિઓની આંખની તપાસ કરવામાં આવી અને તે પૈકીનાં 125 વ્યક્તિઓને ચશ્માં નું વિતરણ કરવામાં આવ્યું અને 21 વ્યક્તિઓનાં મોતિયા નાં ઓપરેશન ડીકટેટ કરવામાં આવ્યાં હતાં.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી



તા- 14/11 શુક્રવાર ના રોજ બાલદિવસ નિમિત્તે લાયન્સ ક્લબ અમદાવાદ સીટી તરફથી પ્રેસિડેન્ટ ડો. બીના પટેલે સાબરમતી શાળાના બાળકોને બિસ્કિટ વહેંચ્યા.


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

## લાયન્સ અને લિયો ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝન



આજરોજ મોડાસા લાયન્સ ક્લબના ઉપપ્રમુખ શ્રી અને ગણિતના શિક્ષક મનોજભાઈ ઉપાધ્યાય દ્વારા તેમના જન્મદિવસ નિમિત્તે સાયરા હાઈસ્કૂલના ધોરણ 10 ના વિદ્યાર્થીઓને ગણિતનું સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું,જેથી બાળકો બોર્ડમાં સારા માર્કસ મેળવી શકે. મોડાસા લાયન્સ ક્લબના પ્રમુખ શ્રી નિરવભાઈ અને લાયન્સ ટીમે મનોજભાઈ ને આ કાર્યક્રમ કરવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા.